ગાંધીનગર સમાચાર

# કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ઉપમી સર્વ નેતૃત્વ નિવાસી તાલીમ શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૨૩

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા તાઃ ૧૫ થી ૧૯ માર્ચ, ૨૦૧૮ દરમિયાન પાંચ દિવસીય "ઉપમી સર્વ નેતૃત્વ" નિવાસી તાલીમ શીબીરનું આયોજન સર્વ વિદ્યાલય, કડી કેમ્પસ ખાતે કરવામાં આવ્યું, જેમાં સર્વ વિદ્યાલયની ૧૬ વિવિધ કોલેજોમાંથી ૬૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

પાંચ દિવસીય કેમ્પમાં માસ્ટર ટ્રેનર તરીકે દીપકભાઈ તેરૈયા અને ઉમાબહેન તેરૈયા ઉપસ્તિત રહી વિવિધ પ્રવૃતિઓ જેમ કે ગેમ્સ, શોર્ટ ફિલ્મ્સ, ગ્રુપ વર્ક અને સ્ટ્રક્ચરલ પ્રશ્નાવલી દ્વારા નેતૃત્વના વિવીધ પાસાઓને સાંકળી લેતા વિષયોની તાલીમ આપી હતી. તેમેને તાલીમાર્થીઓને અત્મનીરીક્ષણ કરી સ્વમૂલ્યાંકન દ્વારા પોતાની શક્તિને ઓળખી તેનો યોગ્ય ઉપયોગ કરતા શીખવ્યું, જીવનમાં માંબાપનું મહત્વ અને યોગદાનની વાત કરી, સામાજિક પ્રશ્નોથી વાકેફ કરી તેના નિરાકરણ માટેનું માર્ગદર્શન આપ્યું, "વસુધૈવ કુટુમ્બકમ"નો ભાવ જગાડવા કોમવાદ, જ્ઞાતિવાદ થી ઉપર ઉઠી માનવ બનવા આહવાન કર્યું અને છેલ્લે જીવનમાં સફળ થવા પોતાના પવિત્ર હૃદયને સાંભળી પુરુષાર્થ દ્વારા આગળ વધવા શીખ આપી. છેલ્લે કુત્રિમ રીતે હવનનો માહોલ બનાવી દરેક વિદ્યાર્થી પાસેથી ખરાબ આદતોની આહુતિ અપાવી હતી. તાલીમ દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે નીષ્ટાબેન ઠાકર અને જાણીતા મોટીવેશન ટ્રેનર અને યોગાચાર્ય જે. સી. પટેલે ઉપસ્થીત રહી પોતાના જીવન સંગર્ષની સાથે સાથે શિક્ષણ, સ્વાસ્થ, સંસ્કાર અને દેશપ્રેમની વાત કરી વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. જ્યારે ડો. કપિલ ત્રિવેદી દ્વારા શરીર અને મનને સ્વચ્છ અને સ્વસ્થ રાખવા જીવનમાં યોગ, ધ્યાન અને કસરતનું મહત્વ સમજાવ્યું હતું. પૂર્વ તાલીમાર્થી રાહુલ સુખડીયા, તન્મય પટેલ, ગુંજન પનારા, તાહેર ત્રવાડી અને તાહેર તીનાવાલા દ્વારા કરવામાં આવતા સમાજ ઉત્થાનના પ્રોજેક્ટ્સની વિસ્તૃત માહિતી આપી હતી. તાલીમના છેલ્લા દિવસે વિદ્યાર્થીઓને ગાંધી આશ્રમની મુલાકાત કરાવી હતી.નિવાસી શિબિરના અંતે સમાપન સમારંભમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રીશ્રી ડો. મણીભાઈ પટેલ ઉપસ્થિત રહી સંસ્થાની વિસ્તૃત માહિતી સાથે પૂજ્ય છગનભા અને માણેકલાલ સાહેબના યોગદાનની વાત કરી વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કો-ઓર્ડીનેટર ડો. ધર્મેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. પૂર્વ તાલીમાર્થી કૌશિક કલાલ, મિત કોયાણી, જય ચૌહાણ,લવીષા અને આશિષ સોલંકી દ્વારા કાર્યક્રમને સફળ બનાવવ પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી.

Scanned by CamScanner

# સર્વ નેતૃત્વ તાલીમ શિબિરમાં ૧૬ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો

ગાંધીનગર, શુક્રવાર

કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા પાંચ દિવસીય ૩૫મી સર્વ નેતૃત્વ નિવાસી તાલીમ શીબીરનું આયોજન સર્વ વિદ્યાલય, કડી કેમ્પસ ખાતે કરવામાં આવ્યું. જેમાં સર્વ વિદ્યાલયની ૧૬ વિવિધ કોલેજોમાંથી ૬૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પાંચ દિવસીય કેમ્પમાં વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે ગેમ્સ, શોર્ટ ફિલ્મ્સ, ગ્રુપ વર્ક અને સ્ટ્રકચરલ પ્રશ્નાવલી દ્વારા નેતૃત્વના વિવિધ પાસાઓને સાંકળી લેતા વિષયોની તાલીમ અપાઇ હતી. તાલીમાર્થીઓને અત્મનીરીક્ષણ કરી સ્વમૂલ્યાંકન દ્વારા પોતાની શક્તિને ઓળખી તેનો યોગ્ય ઉપયોગ કરતા શીખવ્યું. જીવનમાં માંબાપનું મહત્વ અને યોગદાનની વાત કરી, સામાજીક પ્રશઅનોથી વાકેફ કરી તેના નિરાકરણ માટેનું માર્ગદર્શન આપ્યું હતું. કૃત્રિમ રીતે હવનનો માહોલ બનાવી દરેક વિદ્યાર્થીઓ પાસેથી ખરાબ આદતોની આહુતિ અપાવી હતી. અને મનને સ્વચ્છ અને સ્વસ્થ રાખવા જીવનમાં યોગ, ધ્યાન અને કસરતનું મહત્વ સમજાવ્યું હતું. તાલીમના છેલ્લા દિવસે વિદ્યાર્થીઓને ગાંધી આશ્રમની મુલાકાત કરાવી હતી.

Scanned by CamScanner

# સર્વે નેતૃત્વ નિવાસી તાલીમ શિબિર યોજાઇ

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પાંચ દિવસીય 35મી સર્વ નેતૃત્વ નિવાસી તાલીમ શિબિર યોજાઇ હતી. જેમાં સર્વ વિદ્યાલયની 16 વિવિધ કોલેજોમાંથી વિધાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. પાંચ દિવસીય કેમ્પમાં માસ્ટર ટ્રેનર તરીકે દીપકભાઈ તેરૈયા અને ઉમાબહેન તેરૈયા ઉપસ્થિત રહ્યા હતાં.

તેમણે ગેમ્સ, શોર્ટ ફિલ્મ્સ, ગ્રુપ વર્ક અને સ્ટ્રક્ચરલ પ્રશ્નાવલી દ્વારા નેતૃત્વના વિવીધ પાસાઓની માહિતી આપી હતી. તાલીમાર્થીઓનેઆત્મનીરીક્ષણ કરી તેનો યોગ્ય ઉપયોગ કરતા શીખવ્યું, જીવનમાં માં-બાપનું મહત્વ અને યોગદાન અને સામાજિક પ્રશ્નોથી વાકેફ કરી તે માટેનું માર્ગદર્શન આપ્યું હતું.

Scanned by CamScanner